DISCLAIMER: The translated judgements in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલયોગ્ય

ભારતની સર્વોચ્ચ અદાલત મધ્યે

ફોજદારી અપીલીય હકૂમત

ફોજદારી અપીલ નં.૨૨૪/૨૦૧૯

(એસ.એલ.પી. (ક્રી) નં.૬૦૬૮/૨૦૧૭ માંથી ઉદભવેલ)

ગુજરાત રાજ્ય .....અપીલકર્તા

વિરુધ્ધ

અફરોઝ મોહમ્મદ હસનફકૃા .....સામાવાળા

ચુકાદો

આર. ભાનુમતી, ન્યાયમુર્તિ

પરવાનગી આપવામા આવી.

૨. આ અપીલ, ગુજરાત હાઈકોર્ટના ક્રિમિનલ રિવિઝન નં.૨૬૪/૨૦૧૭ ને મંજૂરી આપતા તા. ૦૩.૦૫.૨૦૧૭ ના રોજના આદેશમાંથી ઉદ્ભવેલ છે અને જે આધારે હાઈકોર્ટે દ્વારા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સુરત દ્વારા પસાર કરાયેલા ૧૫.૧૧.૨૦૧૪ ના આદેશને રદ કર્યો છે, જેના દ્વારા મેજિસ્ટ્રેટે ક્રિમિનલ કેસ નં.૬૨૮૫૧/૨૦૧૪ માં પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટના આધારે

આઈ.પી.સી. કલમ ૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૭૭ક અને ૧૨૦–ખ હેઠળ સજાપાત્ર ગુનાઓનુ સંજ્ઞાન લીધુ હતું અને સામાવાળા–આરોપીઓને નોટીસ જારી કરવાનો આદેશ આપ્યો હતો.

૩. કેસનું સંક્ષિપ્ત તથ્યાત્મક માળખું એમ છે કે, આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના મેનેજર દ્વારા મેસર્સ આર.એ. ડિસ્ટ્રિબ્યુટર્સ પ્રાઈવેટ લિમિટેડ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે તેઓએ કાવતરું ઘડ્યું હતું અને આ કાવતરાના ભાગરૂપે જણાવ્યું હતું કે તેમની કંપની વિદેશી બજારમાંથી રફ હીરા અને પોલિશ્ડ હીરાની આયાત કરી રહી છે અને તેને સુરત અને મુંબઈના સ્થાનિક બજારમાં વેચી રહી છે અને આમ કહીને, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, શ્યામ ચેમ્બર્સ, સબ–જેલ, સુરતની સામે ૧૩.૧૨.૨૦૧૩ ના રોજ ચાલુ ખાતું ખોલ્યું હતું. મેસર્સ આર.એ. ડિસ્ટ્રિબ્યુટર્સ દ્વારા રજૂ કરાયેલા બિલ ઓફ એન્ટ્રીની ચકાસણી કર્યા બાદ, ૧૭ બિલ ઓફ એન્ટ્રી બનાવટી હોવાનું જાણવા મળ્યું હતું. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મેસર્સ આર.એ. ડિસ્ટ્રિબ્યુટર્સે કસ્ટમ અધિકારીઓની ખોટી અને બનાવટી સહી અને સ્ટેમ્પ તૈયાર કરી હતી અને તે એન્ટ્રી બિલ બનાવટી છે તે સારી રીતે જાણવા છતાં છેતરપિંડીથી તે સાચું અને ખરું હોય તે રીતે રજૂ કર્યું હતું અને તેને આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, શ્યામ ચેમ્બર્સ, સબ–જેલ સામે, સુરત ખાતે ૧૩.૧૨.૨૦૧૩ થી ૨૪.૦૨.૨૦૧૪ ની વચ્ચે રજૂ કર્યું હતું અને (૦૧) મેબક ટ્રેડિંગ એફ.ઝેડ.ઈ., દુબઈ (૦૨) નિપ્પોન કોર્પોરેશન લિમિટેડ હોંગકોંગ (૦૩) કોર્નેલ ટ્રેડિંગ (એચ.કે.) લિમિટેડ હોંગકોંગ (૦૪) અલ અલમાસ એફ.ઝેડ.ઈ. દુબઈ (૦૬) દૈમુર જેમ્સ જ્વેલરી (એલ.એલ.સી.) લિમિટેડ

હોંગકોંગ ને રૂ૧૦૪,૬૦,૯૯,૦૮૨/– ફોરવર્ડ કર્યા દ્વારા ભારત સરકાર સાથે છેતરપીંડી કરવાનો ગુનો કરેલ.

૪. ઉપરોક્ત ફરિયાદના આધારે મેસર્સ આર. એ. ડિસ્ટ્રિબ્યુટર્સ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરો શૈલેશ રમેશભાઈ પટેલ અને અનિકેત અશોક આંબેકર સામે આઈ.પી.સી. ની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૭૭ક અને ૧૨૦ખ હેઠળ એફ.આઈ.આર. નં.૧૬/૨૦૧૪ નોંધવામાં આવી હતી. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે ફરિયાદમાં ઉલ્લેખિત આરોપીએ ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને કુલ ૧૭ બોગસ અને બનાવટી બિલ ઓફ એન્ટ્રીઝ જમા કરાવી હતી અને આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, સુરત સમક્ષ ઉપરોક્ત બનાવટી બિલ ઓફ એન્ટ્રીઝ રજૂ કરી હતી અને આમ ગેરકાયદેસર રીતે રૂ૧૦૪,૬૦,૯૯,૦૮૨/– હવાલા દ્વારા દુબઈ અને હોંગકોંગમાં વિવિધ કંપનીઓમાં ટ્રાન્સફર કર્યા હતાં અને ભારત સરકાર સાથે છેતરપિંડી કરી હતી. ઉપરોક્ત એફ. આઈ. આર. માં આ અપીલ હેઠળના સામાવાળા નું નામ ન હતું.

૫. તપાસ દરમિયાન, તા.૦૧/૦૮/૨૦૧૪ના રોજ એક પ્રફુલભાઈ મોહનભાઈ પટેલનું નિવેદન ફો.કા.સં. ની કલમ ૧૬૧ હેઠળ નોંધવામાં આવ્યું હતું અને ફરિયાદ પક્ષ અનુસાર, પ્રફુલભાઈ પટેલનું ઉપરોક્ત નિવેદન સામાવાળા–આરોપી અફરોઝ મોહમ્મદ હસનફઝા અને અન્ય આરોપીઓ મદનલાલ માણિકચંદ જૈન અને અમિત @બિલાલ હારૂન ગિલાનીને સંડોવે છે. ફરિયાદ પક્ષનો કેસ એ છે કે, ઉપરોક્ત આરોપીઓએ અન્ય લોકો સાથે મળીને હવાલા દ્વારા મોટી માત્રામાં નાણાંની હેરાફેરી કરીને ભારત સરકારને છેતરવાનું ગુનાહિત કાવતરું ઘડ્યું હતું.

૬. અન્ય સાક્ષીઓનાં નિવેદનમાં, એસ. બાબૂલાલ આંગડિયાના ભાગીદાર બાબુભાઇ કાંજીભાઇ પટેલ અને બાબૂલાલ આંગડિયાના મેનેજર પ્રવીણભાઇ જેઠાભાઇ પટેલનું નિવેદન તા.૧૧.૦૮.૨૦૧૪ ના રોજ લેવામાં આવ્યું હતું. સુનીલ અગ્રવાલ અને રતન અગ્રવાલ નામની બે વ્યક્તિઓ સામે તા.૧૮.૦૮.૨૦૧૪ ના રોજ ફોજદારી કેસ નં.૪૭૭૧૫/૨૦૧૪ માં સી.આર.પી.સી. કલમ ૧૭૩ હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત ચાર્જશીટ માં સામાવાળા–આરોપીને 'શંકાસ્પદ' વ્યકતિ તરીકે ઓળખવામાં આવ્યો હતો. સામાવાળા–આરોપી અફરોઝ હસનફઝાને, તા.૨૦.૦૮.૨૦૧૪ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ના પોલીસ અધિકારીઓ દ્વારા એફ.આઇ.આર. નં.૧૬/૨૦૧૪ ની તપાસ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ક્રિમિનલ કેસ નં.૫૫૨૫૯/૨૦૧૪ માં મદનલાલ માણિકચંદ જૈન સામે ૩૦.૦૯.૨૦૧૪ ના રોજ સી.આર.પી.સી. કલમ ૧૭૩ (૮) હેઠળ પ્રથમ સપ્લીમેન્ટરી ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. અપીલકર્તાના જણાવ્યા અનુસાર, ઉપરોક્ત પ્રથમ સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં સામાવાળા–આરોપીને આરોપી તરીકે ઉમેરવામાં આવ્યો ન હતો કારણ કે સામાવાળા–આરોપીના કેસમાં ચાર્જશીટ દાખલ કરવા માટેનો વૈધાનિક સમયગાળો સમાપ્ત થયો ન હતો.

૭. આગળની તપાસ દરમિયાન, સાક્ષીઓ સી.એ. સુરેન્દ્ર ધરેવા, અમૃતભાઈ નરોત્તમદાસ પટેલ અને સામાવાળા –આરોપી જાફર મોહમ્મદ હસનફઝાના મોટા ભાઈનું નિવેદન સી.આર.પી.સી. કલમ ૧૬૧ હેઠળ નોંધવામાં આવ્યું હતું. ફરિયાદ પક્ષ અનુસાર, સામાવાળા–આરોપીના મોટા ભાઈ જાફર મોહમ્મદ હસનફઝાનું ઉપરોક્ત નિવેદન દર્શાવે છે કે, સામાવાળા એ સહ–આરોપી મદનલાલ જૈનની માલિકીની નેચરલ ટ્રેડિંગ

કંપનીમાંથી આર.ટી.જી.એસ. દ્વારા તેના ભાઈ જાફર મોહમ્મદ હસનફટ્ટાના ખાતામાં ૩.૩,૦૦,૦૦,૦૦૦/– ટ્રાંસફર કરવાની વ્યવસ્થા કરી હતી. સામાવાળા–આરોપી નાઇલ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડનો એકમાત્ર માલિક છે. ઉપરોક્ત નાઇલ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડના મેનેજર સમીર જિકર ગોહિલનું નિવેદન તા.૧૮.૧૦.૨૦૧૪ ના રોજ નોંધવામાં આવ્યું હતું. ફરિયાદ પક્ષ અનુસાર, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, નાનપુરા શાખામાં સામાવાળા–આરોપીના ખાતાનું તા.૩૧.૧૨.૨૦૧૩ થી ૨૫.૦૩.૨૦૧૪ સુધીનુ બેંક સ્ટેટમેન્ટ એ દર્શાવે છે કે, નેચરલ ટ્રેડિંગ કંપનીના ખાતામાંથી સામાવાળાની કંપની–નાઇલ ટ્રેડિંગ કોર્પોરેશનમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવેલ છે. નાઇલ ટ્રેડિંગ કોર્પોરેશનનું આગળનું બેંક સ્ટેટમેન્ટ પણ મદનલાલ જૈનની માલિકીની ગંગેશ્વર મર્ચન્ટાઇલ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી તેમના ખાતાંમાં મોટી રકમની ક્રેડિટ દર્શાવે છે. વધુ તપાસના આધારે, એટલે કે સાક્ષીઓના નિવેદન, બેંક વ્યવહારો અને સામાવાળા અને મદનલાલ જૈન અને અન્ય આરોપીઓ વચ્ચેના કોલ ડીટેઇલ રેકોર્ડની નકલના આધારે, બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમાં સામાવાળાને આરોપી નંબર ૧ અને અમિત @બિલાલ હારૂન ગિલાનીને આરોપી નંબર ૨ તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટના આધારે, આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭ક અને ૧૨૦ખ હેઠળ ગુનાઓનું સંજ્ઞાન લેવામાં આવ્યું હતું અને મેજિસ્ટ્રેટ દ્વારા સામાવાળા–અફરોઝ હસનફટ્ટા સહિત આરોપી સામે સમન્સ જારી કરવાનો આદેશ અપાયો હતો.

૮. ઉચ્ચ અદાલતે એફ.આઈ.આર. નં.૧૬/૨૦૧૪ માં સામાવાળા આરોપીને તા.૦૫.૦૩.૨૦૧૫ ના આદેશથી જામીન આપ્યા હતા. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સુરત દ્વારા પસાર કરાયેલા તા.૧૫.૧૧.૨૦૧૪ ના આદેશને પડકારવા, સામાવાળા–આરોપીએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં.૨૬૪ ઓફ૨૦૧૭ દાખલ કરી હતી. ઉચ્ચ અદાલતે તા.૨૪.૦૩.૨૦૧૭ ના આદેશ દ્વારા રિવિઝન એપ્લિકેશન દાખલ કરવામાં ૭૬૬ દિવસના વિલંબને માફ કર્યો હતો. તા.૦૩.૦૫.૨૦૧૭ના વાદગ્રસ્ત આદેશ દ્વારા, વિદ્વાન સીંગલ જજે ક્રિમિનલ રિવિઝનને મંજૂરી આપી અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સુરતના આદેશને રદ કરતાં તારીખ ૧૫.૧૧.૨૦૧૪ની બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટ નં.૬૨૮૫૧/૨૦૧૪ ના આધારે ગુનાઓનું સંજ્ઞાન લેતાં, સામાવાળા–આરોપીઓને આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭ક અને ૧૨૦ખ હેઠળ સમન્સ જારી કરવાના નિર્દેશ આપ્યો હતો. ઉચ્ચ અદાલતે એવું માન્યું હતું કે સામાવાળા –આરોપીના છેતરપિંડી, બનાવટ, કાવતરું વગેરેના કથિત ગુનાઓ સાથે કોઈ જોડાણ તરફ ધ્યાન દોરવા માટે કોઈ સીધી અથવા સાંયોગીક સામગ્રી ઉપલ્બધ નથી. ઉચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું હતું કે એવી કોઇ સામગ્રી ઉપલ્બધ નથી તે દર્શાવે કે, સામાવાળા છેતરપિંડીથી હવાલાના માધ્યમથી તેની અઘોષિત રોકડ આવક વિદેશ મોકલી રહ્યો હતો અથવા તે કોઈ વ્યક્તિ પાસેથી છેતરપિંડીથી રોકડ મેળવી રહ્યો હતો અને તેને વિદેશી ચલણમાં હવાલા દ્વારા વિદેશી કંપનીઓને મોકલી રહ્યો હતો જેથી કોઈ કમિશન મેળવી શકાય. ઉચ્ચ અદાલતે એવું માન્યું હતું કે, કોઈ પણ સામગ્રી દ્વારા આઈ.પી.સી. ની કલમ ૧૨૦ખ ની મદદથી આરોપીની સંડોવણી પણ સાબિત થતી નથી.

મુદ્દાઓઃ–

૯. અપીલકર્તા–રાજ્ય તરફે વિદ્વાન વકીલ શ્રી પ્રિતેશ કપૂરે રજૂઆત કરી હતી કે, વારંવાર એવું નક્કી કરવામાં આવ્યું છે કે, સમન્સ જારી કરતી વખતે મેજિસ્ટ્રેટને સંતોષ થવો જોઈએ કે "કાર્યવાહી માટે પૂરતો આધાર છે" અને એવા પ્રકારનુ અનુમાન ન લગાવવું જોઈએ નહિ કે, બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટ સાથે દાખલ કરેલી સામગ્રીના આધારે મેજિસ્ટ્રેટે ગુનાઓનુ સંજ્ઞાન લીધું હતું અને સામાવાળા અને અમિત @બિલાલ હારૂન ગિલાનીને સમન્સ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો. વિદ્વાન વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે, સમન્સ જારી કરવું એ એક વચગાળાનો આદેશ હોવાથી, ઉચ્ચ અદાલતે તેના રિવીઝનના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને સમન્સ જારી કરવાના આદેશને રદ કરવો ન જોઈએ. વિદ્વાન વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે વિદ્વાન સીંગલ જજે પાયાના ધોરણે કાર્યવાહી કરવામાં ભૂલ કરી હતી, જાણે કે તે બનાવટી બિલ ઓફ એન્ટ્રીનો એક સરળ કેસ હોય તેમ, એવું ધ્યાનમાં રાખ્યું ન હતું કે, હાલનો કેસ કંપનીઓની જાળ સ્થાપિત કરીને "હવાલા" દ્વારા દુબઈ અને હોંગકોંગમાં વિદેશી કંપનીઓને વિદેશમાં વિદેશી નાંણાં મોકલવાનો એક જટિલ આર્થિક ગુનો છે. સંખ્યાબંધ નિર્ણયો પર આધાર રાખતાં, અપીલકર્તા–રાજ્યના વિદ્વાન વકીલે રજૂઆત કરી હતી કે, સમન્સ જારી કરવાના તબક્કે, અદાલતે કેસના ગુણ–દોષની તપાસ કરવાની હોતી નથી અને સંભવિત બચાવની તપાસ કરવાની નથી હોતી.

૧૦. વિરોધમાં, સામાવાળા તરફે વરિષ્ઠ વકીલ શ્રી મુકુલ રોહતગીએ રજૂઆત કરી હતી કે, આરોપીને સમન્સ કરવાં એ ખૂબ જ ગંભીર પગલું છે અને રેકોર્ડ પરની સામગ્રીની કડક તપાસ થવી જોઈએ અને સમન્સનો આદેશ મેજિસ્ટ્રેટ દ્વારા ધ્યાનપૂર્વક થવો જોઈએ.

વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે ફરિયાદ પક્ષે પ્રફુલ્લ પટેલનાં તા.૦૧.૦૮.૨૦૧૪ના કથિત નિવેદન પર આધાર રાખ્યો હતો, જે સાંભળેલી વાતોના સ્વરૂપમાં અને સામાવાળા માટે અસ્વીકાર્ય હોવાનું યોગ્ય રીતે માનવામાં આવ્યું હતું. વિદ્વાન વરિષ્ઠ વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે, આંગડિયાઓ તેમજ પ્રફુલ પટેલ કે જેમના પર આર.ટી.જી.એસ. દ્વારા આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની કંપનીઓમાં રોકડ ટ્રાન્સફર કરવાનો આરોપ છે, તેઓ નાણાંના કથિત પ્રવાહમાં એક મહત્વપૂર્ણ કડી બનશે અને તેમને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા નથી અને પ્રફુલ પટેલનાં નિવેદન અંગે રાજ્યની દલીલમાં કોઈ ગુણ નથી. વિદ્વાન વરિષ્ઠ વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે, સામાવાળાનું આઈ.સી.આઈ.સી.આઈ. બેંક અને હોંગકોંગ અને દુબઈ સ્થિત અન્ય વિદેશી કંપનીઓ જેમને વિદેશી નાણાં મોકલવામાં આવ્યો હોવાનો આરોપ છે તેમની સાથેના જોડાણ માટે કોઈ પુરાવા નથી અને કોઈ પણ સામગ્રીની ગેરહાજરીમાં, વિદ્વાન સિંગલ જજે યોગ્ય રીતે ચુકાદો આપ્યો હતો કે સામાવાળા સામે કાર્યવાહી માટે કોઈ પૂરતો આધાર નથી અને હાઈકોર્ટના વાદગ્રસ્ત આદેશમાં કોઈ દખલગીરી જરૂરી નથી.

૧૧. સામાવાળા તરફે હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી નીરજ કિશન કૌલે સંખ્યાબંધ ચુકાદાઓ પર આધાર રાખ્યો છે અને રજૂઆત કરી છે કે, તે હકીકતને ધ્યાનમાં લીધા વિના કે સંજ્ઞાન પોલીસ અહેવાલ અથવા ફરિયાદ પર આધારિત છે મેજિસ્ટ્રેટ ગુનાનુ સંજ્ઞાન લઈ શકે છે. **પેપ્સી ફૂડ્સ લિમિટેડ અને અન્ય વિરુદ્ધ વિશેષ ન્યાયાધીશ મેજિસ્ટ્રેટ અને અન્યો** (૧૯૯૮) ૫ એસ. સી. સી. ૭૪૯ પર આધાર રાખીને, વિદ્વાન વરિષ્ઠ વકીલે રજુઆત કરી હતી કે, ફોજદારી કેસમાં આરોપીને સમન્સ પાઠવવું એ

ગંભીર ગુનો છે અને મેજિસ્ટ્રેટનો આદેશ શુધ્ધબુધ્ધિ સૂચવતા કારણોથી વંચિત છે અને વિવાદિત આદેશને હાઈકોર્ટ દ્વારા યોગ્ય રીતે રદ કરવામાં આવ્યો હતો.

૧૨. અમે દલીલોને કાળજીપૂર્વક ધ્યાનમાં લીધી છે અને વાદગ્રસ્ત ચુકાદા અને રેકોર્ડ પરની સામગ્રીને ધ્યાનમાં લીધી છે, નીચેના મુદ્દાઓ વિચારણા માટે ઉદ્ભવે છેઃ–

- સી.આર.પી.સી. કલમ ૧૯૦(૧)(બી) હેઠળ પોલીસ અહેવાલના આધારે ગુનાનુ સંજ્ઞાન લેવાના કિસ્સામાં આરોપીઓને સમન્સ જારી કરવાનો નિર્દેશ આપતી વખતે, આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધારો છે તે માટેના સંતોષ માટે શું અદાલત કારણો નોંધવા ફરજિયાત છે?
- સી.આર.પી.સી. કલમ ૩૯૭ હેઠળ રીવીઝનના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને, શું વિદ્વાન સિંગલ જજ સામાવાળા–આરોપીને સમન્સ જારી કરવાના મેજિસ્ટ્રેટના આદેશને રદ કરવામાં સાચા હતા?

સી.આર.પી.સી. કલમ ૧૯૦(૧)(બી) હેઠળ ગુનાનુ સંજ્ઞાન લેતી વખતે, શું અદાલતે સમન્સ જારી કરવા માટે પૂરતા આધારોના સંતોષ માટેના કારણો નોંધવા પડેઃ–

૧૩. સુનીલ અગ્રવાલ અને રતન અગ્રવાલ નામના આરોપી વ્યક્તિઓ સામે ક્રિમિનલ કેસ નં.૪૭૭૧૫/૨૦૧૪ માં તા.૧૮.૦૮.૨૦૧૪ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. પ્રથમ ચાર્જશીટમાં સામાવાળા અફરોઝ મોહમ્મદ હસનફટ્ટા (અફરોઝ હસનફટ્ટા) ને શંકાસ્પદ તરીકે ઓળખવામાં આવ્યો હતો. ક્રિમિનલ કેસ નં.૬૨૮૫૧/૨૦૧૪ માં તા.૧૫.૧૧.૨૦૧૪ ના રોજ દાખલ કરવામાં આવેલી બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં

સામાવાળા–અફરોઝને આરોપી નંબર ૧ અને અમિત @બિલાલ હારૂન ગિલાનીને આરોપી નંબર ૨ તરીકે રજૂ કરવામાં આવેલ છે. બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં, ફરિયાદ પક્ષ સાક્ષીઓના નિવેદન તેમજ સામાવાળા–અફરોઝ હસનફટ્ટા અને તેની કંપની–નાઇલ ટ્રેડિંગ કોર્પોરેશનના ખાતામાં નાણાંના પ્રવાહ અંગેના ચોક્કસ બેંક વ્યવહારો પર આધાર રાખેલ છે. બીજી સપ્લીમેન્ટરી ચાર્જશીટની સંજ્ઞાન લેવાનો અને સામાવાળા–અફરોઝ હસનફતાને સમન્સ જારી કરવાનો આદેશ નીચે મુજબ છેઃ–

મારા દ્વારા આઈ.પી.સી. ની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ વગેરેના ગુના માટે ચાર્જશીટ/ફરિયાદને ધ્યાનમાં લીધેલ છે. આરોપી સામે સમન્સ જારી કરવામાં આવે."

૧૪. સામાવાળા–આરોપીની પ્રથમ અને અગ્રણી દલીલ એ છે કે, આરોપીને સમન્સ પાઠવવું એ એક ગંભીર બાબત છે અને સમન્સના આદેશમાં એ પ્રતિબિંબિત થવું જોઈએ કે મેજિસ્ટ્રેટે કેસની હકીકતો અને તેને લાગુ પડતા કાયદા ધ્યાને લીધેલ છે અને વર્તમાન કેસમાં, કારણો નોંધ્યા વિના સમન્સ જારી કરવાનો આદેશ હાઈકોર્ટ દ્વારા યોગ્ય રીતે રદ કરવામાં આવ્યો હતો. સમન્સના આદેશમાં શુધ્ધબુધ્ધિનો ઉપયોગ કર્યાના કારણો નોંધવા જોઈએ, એવી દલીલના સમર્થનમાં **પેપ્સી ફૂડ્સ લિમિટેડ** પર નિર્ભરતા મૂકવામાં આવી હતી. સામાવાળા–આરોપી તરફે હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલની રજુઆત નો બીજો ભાગ એ છે કે, આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધારો છે તે માટે મેજિસ્ટ્રેટ દ્વારા વિચારણા કરવામાં આવેલ છે તેમ સૂચવતો આદેશ હોવો

જોઈએ, ભલે તે પોલીસની ચાર્જશીટ અથવા વ્યકતિગત ફરીયાદ પર આધારીત હોય.

૧૫. તે સારી રીતે પ્રસ્થાપીત છે કે, સમન્સ જારી કરવાની પ્રક્રિયાના તબક્કે, મેજિસ્ટ્રેટ મુખ્યત્વે ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો અથવા તેના સમર્થનમાં રજૂ કરાયેલા પુરાવા ધ્યાને લેતાં હોય છે અને મેજિસ્ટ્રેટને માત્ર સંતોષ થવો જોઈએ કે આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધારો છે. તે સારી રીતે પ્રસ્થાપીત છે કે, સમન્સ જારી કરતી વખતે, આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધારો છે તેવા મેજિસ્ટ્રેટના સંતોષના કારણો સ્પષ્ટ જણાવવાની જરૂર નથી. **ભૂષણ કુમાર અને અન્ય વિરુદ્ધ રાજ્ય (એન. સી. ટી. દિલ્હી) અને અન્ય** (૨૦૧૨) ૫ એસ.સી.સી. ૪૨૪ પર ભાર મૂકવામાં આવેલ હતો જેમાં તે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:–

"૧૧. ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર વિ. વીડિયોકોન ઇન્ટરનેશનલ લિમિટેડ (૨૦૦૮) ૨ એસ. સી. સી. ૪૯૨ (એસ.સી.સી. પૃષ્ઠ ૪૯૯, પેરા ૧૯) માં આ અદાલત દ્વારા "સંજ્ઞાન" શબ્દને આ રીતે સમજાવવામાં આવ્યો હતો કે "તેનો અર્થ માત્ર 'જાણ થવી' એવો થાય છે અને જ્યારે તેનો ઉપયોગ અદાલત અથવા ન્યાયાધીશના સંદર્ભમાં થાય છે, ત્યારે તેનો અર્થ 'ન્યાયિક રીતે ધ્યાન આપવું' એવો થાય છે. તે એ મુદ્દાને સૂચવે છે જ્યારે કોઈ અદાલત અથવા મેજિસ્ટ્રેટ કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હોય તેવા ગુનાના સંદર્ભમાં કાર્યવાહી શરૂ કરવાના દૃષ્ટિકોણથી ગુનાની ન્યાયિક નોંધ લે છે." તે કાર્યવાહીની શરૂઆતથી સંપૂર્ણપણે અલગ બાબત છે; તેના બદલે તે મેજિસ્ટ્રેટ

અથવા ન્યાયાધીશ દ્વારા કાર્યવાહીની શરૂઆત પૂર્વની બાબત છે. સંજ્ઞાન વ્યક્તિઓની નહીં પણ કેસોની લેવામાં આવે છે. સંહિતાની કલમ ૧૯૦ હેઠળ, ફરિયાદના દાવાઓ પર ન્યાયિક વિચારણાનો ઉપયોગ સંજ્ઞાનની રચના કરે છે. આ તબક્કે, મેજિસ્ટ્રેટને સંતોષ થવો જોઈએ કે કાર્યવાહી માટે પૂરતો આધાર છે અને નહીં કે દોષિત ઠેરવવા માટે પૂરતો આધાર છે કે નહીં. દોષિત ઠેરવવા માટે પૂરતા પુરાવા છે કે કેમ તે માત્ર સુનાવણીમાં જ નક્કી કરી શકાય છે, તપાસના તબક્કે નહીં. જો કાર્યવાહી માટે પૂરતો આધાર હોય તો મેજિસ્ટ્રેટને સંહિતાની કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવાની સત્તા આપવામાં આવેલ છે.

૧૨. "સમન્સ" એ અદાલત દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રક્રિયા છે જે વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવા માટે જણાવે છે. તેનો ઉપયોગ કાયદાના ઉલ્લંઘનના જવાબમાં મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવાની વ્યક્તિની કાનૂની જવાબદારીને સૂચિત કરવાના હેતુથી થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જેને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને જે તે તારીખ અને સમયે વ્યક્તિએ કોર્ટમાં હાજર થવું જ પડશે તેવી જાણ સમન્સ દ્વારા વ્યક્તિને કરાય છે. જે વ્યક્તિને સમન્સ પાઠવવામા આવે છે તે કાયદેસર રીતે આપેલ તારીખ અને સમયે અદાલતમાં હાજર થવા માટે બંધાયેલો હોય છે. ઈરાદાપૂર્વકની આજ્ઞાભંગને આઈ.પી.સી. ની કલમ ૧૭૪ હેઠળ સજા થઈ શકે છે. તે અદાલતની તિરસ્કારનો આધાર છે.

૧૩. <u>સંહિતાની કલમ ૨૦૪ મેજિસ્ટ્રેટને સમન્સ જારી કરવાના કારણો સ્પષ્ટપણે જણાવવા માટે આદેશ આપતું નથી. તે સ્પષ્ટપણે જણાવે છે કે, જો</u>

મેજિસ્ટ્રેટના અભિપ્રાયમાં કોઈ ગુનાની સંજ્ઞાન લેતા, કાર્યવાહી માટે પૂરતો આધાર હોય, તો સમન્સ જારી કરી શકાય છે. આ કલમ મેજિસ્ટ્રેટને અભિપ્રાય રચવા માટે આદેશ આપે છે કે શું સમન્સ જારી કરવા માટે પૂરતો આધાર અસ્તિત્વમાં છે કે કેમ પરંતુ તે કલમમાં ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે તેનું સ્પષ્ટ વર્ણન ફરજિયાત છે, એટલે કે જારી કરાયેલા સમન્સની માન્યતા નક્કી કરવા માટે તે પૂર્વશરત નથી." [અંડરલાઇન ઉમેરવામાં આવેલ છે.]

૧૬. **મહેમૂદ ઉલ રહેમાન વિરુદ્ધ ખઝીર મોહમ્મદ ટુંડા અને અન્ય** (૨૦૧૫) ૧૨ એસ.સી.સી. ૪૨૦ માં **ભૂષણ કુમાર, વીડિયોકોન ઇન્ટરનેશનલ લિમિટેડ** અને અન્ય નિર્ણયોનો સંદર્ભ લીધા પછી, નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:–

"૨૦. કેસ લોનો વ્યાપક સંદર્ભ સ્પષ્ટપણે દર્શાવે છે કે ફરિયાદ પર ગુનાના સંજ્ઞાનને આરોપીઓને સમન્સ જારી કરવાના હેતુથી લેવામાં આવે છે. તે અમુક હકીકતો જે એક ગુનો છે તેની ન્યાયિક નોંધ લેવાની પ્રક્રિયા હોઇ, વિચારણા કરવીજ રહી કે, ફરિયાદમાંના આક્ષેપો, જ્યારે નોંધાયેલા નિવેદનો અથવા તેના પર હાથ ધરવામાં આવેલી તપાસ સાથે ધ્યાને લેવામાં આવે છે, ત્યારે તે કાયદાનું ઉલ્લંઘન કરે છે કે કેમ જેથી કોઈ વ્યક્તિને ફોજદારી અદાલત સમક્ષ હાજર થવા માટે બોલાવી શકાય. તે કોઈ યાંત્રિક પ્રક્રિયા અથવા બાબત નથી. આ અદાલતે પેપ્સી ફૂડ્સ લિમિટેડ અને અન્ય વિરુદ્ધ સ્પેશિયલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને અન્યો (૧૯૯૮) ૫ એસ. સી. સી. ૭૪૯ કેસમાં જેમ ઠરાવેલ તેમ કોઈ વ્યક્તિ સામે ફોજદારી કાયદાની પ્રક્રિયા શરૂ કરવી તે એક ગંભીર બાબત છે."

પેરા (૨૦) માં ઉપરોક્ત અવલોકનો ફરિયાદનુ સંજ્ઞાન લેવાના સંદર્ભમાં છે. સી.આર.પી.સી. કલમ ૨ (ઘ) હેઠળની વ્યાખ્યા મુજબ, ફરિયાદમાં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી.

૧૭. સામાવાળા–આરોપી વતી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલે દલીલ કરવા માટે વિવિધ ચુકાદાઓ પર આધાર રાખ્યો હતો કે સંજ્ઞાન લેતી વખતે, અદાલતે કારણો નોંધવા પડશે કે પ્રથમ દૃષ્ટિએ કેસ બનાવવામાં આવ્યો છે અને તે ગુના માટે આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધારો છે. સામાવાળા–આરોપી તરફે હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલે **પેપ્સી ફૂડ્સ લિમિટેડ અને મહેમૂદ ઉલ રહેમાન**ના કેસમાં ચુકાદાઓ પર આધાર રાખીને દલીલ કરી હતી કે, સંજ્ઞાન લેતી વખતે કોર્ટે કારણો નોંધવા પડશે કે પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે અને તે ગુના માટે આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધારો છે. તે કેસોની હકીકતો અને સંજોગો પર, આ અદાલતે એવું માન્યું હતું કે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીઓને સમન્સ પાઠવવાના આદેશમાં એ પ્રતિબિંબિત થવું જોઈએ કે તેણે કેસની હકીકતો અને તેને લાગુ પડતા કાયદા પર વિચારણા કરેલ છે. જો કે, તે સમજવાની જરૂર છે કે તે કેસો ફરિયાદના આધારે ગુનાઓનુ સંજ્ઞાન લઈ સમન્સ જારી કરવા સાથે સંબંધિત છે. એ નોંધવું જોઈએ કે સી.આર.પી.સી. કલમ ૨ (ઘ) હેઠળની વ્યાખ્યા અનુસાર, 'ફરિયાદ' માં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી. તે કેસો સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (ખ) હેઠળ પોલીસ અહેવાલ પર સંજ્ઞાન લેવા સાથે સંબંધિત નથી. તે કેસો ફરિયાદના આધારે ગુનાઓનુ સંજ્ઞાન લેવા સાથે સંબંધિત છે. હકીકતમાં, **મહેમૂદ ઉલ રહેમાન**ના કેસમાં એવું પણ જોવા મળ્યું હતું કે " સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (ખ) હેઠળ,

મેજિસ્ટ્રેટને પોલીસ રિપોર્ટનો ફાયદો હોય છે; પરંતુ સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (એ) હેઠળ, તેની સમક્ષ માત્ર ફરિયાદ છે. તેથી, સંહિતા સ્પષ્ટ કરે છે કે "હકીકતોની ફરિયાદ જેનાથી ગુનો બને છે".

૧૮. સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (ક) ફરિયાદનુ સંજ્ઞાન લેવાની જોગવાઈ કરે છે. સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (ખ), સી.આર.પી.સી. કલમ ૧૭૩ (૨), હેઠળ પોલીસ અહેવાલના આધારે કોઈપણ ગુનાનુ સંજ્ઞાન લેવા સાથે સંબંધિત છે. ફરિયાદને સી.આર.પી.સી. કલમ ૨ (ઘ) માં વ્યાખ્યાયિત કરવામાં આવી છે. જે નીચે મુજબ છેઃ–

"૨. વ્યાખ્યાઓ..

(ઘ) "ફરિયાદ" એટલે મેજિસ્ટ્રેટને આ સંહિતા હેઠળ કોઈ જાણીતી અથવા અજાણી વ્યક્તિએ ગુનો કર્યો છે તેની સામે કાર્યવાહી કરવાના દૃષ્ટિકોણથી મૌખિક અથવા લેખિતમાં કરવામાં આવેલ કોઈ આરોપ, પરંતુ તેમાં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી."

ફરિયાદ પર સંજ્ઞાન લેવાની પ્રક્રિયા સી.આર.પી.સી. પ્રકરણ XV– કલમ ૨૦૦ થી કલમ ૨૦૩ હેઠળ મેજિસ્ટ્રેટને ફરિયાદો હેઠળ પૂરી પાડવામાં આવી છે. જો મેજિસ્ટ્રેટનો અભિપ્રાય હોય કે કાર્યવાહી માટે પૂરતો આધાર નથી તો મેજિસ્ટ્રેટ સમક્ષ દાખલ કરવામાં આવેલી ફરિયાદ સી.આર.પી.સી. કલમ ૨૦૩ હેઠળ રદ થઈ શકે છે અને આવા દરેક કેસમાં, તેઓ આમ કરવા માટેના તેના કારણોને ટૂંકમાં નોંધ કરશે. જો સી.આર.પી.સી. કલમ ૨૦૩ હેઠળ ફરિયાદ રદ કરવામાં ન આવે, તો મેજિસ્ટ્રેટ

સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરશે. સી.આર.પી.સી. કલમ ૨૦૪ એક અલગ પ્રકરણમાં છે એટલે કે પ્રકરણ XVI–"મેજિસ્ટ્રેટ સમક્ષ કાર્યવાહીની શરૂઆત". સી.આર.પી.સી. કલમ ૨૦૩ અને ૨૦૪ નું સંયુક્ત વાંચન દર્શાવે છે કે, ફરિયાદને રદ કરવા માટે, કારણો નોંધવા જોઈએ. વોરંટ કેસોની સુનાવણી માટેની પ્રક્રિયા પ્રકરણ XIX–"મેજિસ્ટ્રેટ દ્વારા વોરંટ કેસોની સુનાવણી"માં આપવામાં આવી છે. પ્રકરણ XIX બે પ્રકારના કેસો સાથે વ્યવહાર કરે છે– ક–પોલીસ અહેવાલ પર સ્થાપિત કેસ અને ખ–પોલીસ અહેવાલ સિવાય અન્યથા સ્થાપિત કેસ. વર્તમાન કેસમાં પોલીસ રિપોર્ટના આધારે સંજ્ઞાન લેવામાં આવ્યું છે.

૧૯. પોલીસ અહેવાલ પર દાખલ કરવામાં આવેલા કેસમાં, સી.આર.પી.સી. કલમ ૨૩૯ હેઠળ વોરંટના કેસોમાં, પોલીસ અહેવાલ અને સી.આર.પી.સી. કલમ ૧૭૩ હેઠળ તેની સાથે દાખલ કરાયેલા દસ્તાવેજોને ધ્યાનમાં લીધા પછી, મેજિસ્ટ્રેટ આરોપી અને ફરિયાદી પક્ષ બંનેને સુનાવણીની તક આપ્યા પછી, જો મેજિસ્ટ્રેટ આરોપી સામેના આરોપને પાયાવિહોણો માને અને આમ કરવા માટેના તેના કારણો નોંધે તો આરોપીને મુક્ત કરશે. પછી આવે છે પ્રકરણ XIX–C–"સુનાવણીનો નિષ્કર્ષ"– મેજિસ્ટ્રેટ સી.આર.પી.સી કલમ ૨૪૮ હેઠળ વિવિધ જોગવાઈઓને ધ્યાનમાં રાખીને અને કેસના ત્રણ તબક્કાઓ તરફ ધ્યાન દોરીને અંતિમ ચુકાદો આપે છે. **રાજ કુમાર અગ્રવાલ વિરુદ્ધ યુ. પી. રાજ્ય અને અન્ય** ૧૯૯૯ ક્રિ.એલ.જે ૪૧૦૧ માં સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ પ્રક્રિયા જારી કરવા માટે કારણો નોંધવાની જરૂર નથી તેવું અવલોકન કરતાં, અલ્હાબાદ હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજ, જસ્ટિસ બી. કે. રાઠીએ નીચે મુજબ ચુકાદો આપ્યો હતોઃ–

"...આમ, એક કેસના ત્રણ તબક્કા હોય છે. પ્રથમ સી.આર.પી.સી. કલમ ૨૦૪ સીઆર હેઠળ છે. સમન્સ પ્રક્રિયા જારી કરતી વખતે, બીજી સી.આર.પી.સી. કલમ ૨૩૯ હેઠળ આરોપ ઘડતા પહેલા અને ત્રીજું ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષનો સંપૂર્ણ પુરાવો નોંધ્યા પછી છે. પ્રશ્ન એ છે કે, શું મેજિસ્ટ્રેટે ત્રણેય તબક્કે પુરાવાની તપાસ કરવી અને તેના સંતોષના કારણો નોંધવા જરૂરી છે? જો આ દૃષ્ટિકોણ લેવામાં આવે, તો તે ઝડપી નિકાલને એક સ્વપ્ન બની જશે. મારા મતે ત્રણેય તબક્કાઓ પર ગુણ-દોષ અને પુરાવાની વિચારણા અલગ છે. સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવાના તબક્કે. કેસોના ગુણ-દોષ અંગે વિગતવાર તપાસની જરૂર નથી. હકીકત એ છે કે, કેસની તપાસ પછી, પોલીસે આરોપપત્ર રજૂ કર્યું છે, જે સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવાના તબક્કે આગળ વધવા માટે પૂરતો આધાર ગણી શકાય. જો કે, આ તબક્કે મેજિસ્ટ્રેટે તપાસ કરવી જોઈએ કે ફરિયાદ કોઈપણ કાયદા હેઠળ બાધિત છે કે કેમ..... સી.આર.પી.સી. કલમ ૨૦૪ તબક્કે, જો ફરિયાદ કોઈ પણ કાયદા હેઠળ બાધિત ન જણાય તો પુરાવાને ધ્યાનમાં લેવાની જરૂર નથી અને ન તો કારણો નોંધવાની જરૂર છે. સી.આર.પી.સી. કલમ ૨૩૯ અથવા ૨૪૦ હેઠળ આરોપના તબક્કે પુરાવાને ખૂબ જ ટૂંકમાં ધ્યાનમાં લઈ શકાય છે, જોકે તે તબક્કે પણ મેજિસ્ટ્રેટે ઝીણવટપૂર્વક તપાસ કરવાની અને પુરાવાનું મૂલ્યાંકન કરવાની અને વિગતવાર કારણો નોંધવાની જરૂર નથી.

૮. સી.આર.પી.સી. કલમ ૨૦૩ અને ૨૦૪ નું વાંચન દર્શાવે છે કે, સી.આર.પી.સી. કલમ ૨૦૩ માટે જરૂરી છે કે ફરિયાદને રદ કરવા માટે કારણો નોંધવા જોઈએ. તેનાથી વિપરીત, સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ આવી કોઈ જરૂરિયાત નથી. તેથી, કારણો નોંધ્યા વિના આ કેસમાં સમન્સ જારી કરવાનો આદેશ, કોઈપણ ગેરકાયદેસરતાથી ગ્રસિત નથી." [અન્ડરલાઇન ઉમેરવામાં આવ્યું છે.]

વિદ્વાન ન્યાયાધીશે લીધેલા ઉપરોક્ત દ્રષ્ટિકોણને અમે સંપૂર્ણ સમર્થન આપીએ છીએ.

૨૦. **મહેમૂદ અલી રહેમાનના** પેરા (૨૧) માં, આ અદાલતે સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (બી) હેઠળ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી આરોપપત્રના આધારે સંજ્ઞાન લેવા અને સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (એ) હેઠળ ખાનગી ફરિયાદ વચ્ચે ઝિણવટ ભર્યો તફાવત દર્શાવ્યો છે.–

"૨૧. સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (બી) હેઠળ, મેજિસ્ટ્રેટને પોલીસ રિપોર્ટનો લાભ મળે છે અને કલમ સી.આર.પી.સી. ૧૯૦ (૧) (સી) હેઠળ, તેને ગુનો કરવાની માહિતી અથવા જાણકારી હોય છે. પરંતુ સી.આર.પી.સી.ની કલમ ૧૯૦ (૧) (એ) હેઠળ તેની સામે માત્ર ફરિયાદ છે. તેથી સંહિતા સ્પષ્ટ કરે છે કે "હકીકતોની ફરિયાદ જે આવા ગુનાની રચના કરે છે". તેથી, જો ફરિયાદ, પ્રથમ દૃષ્ટિએ કોઈપણ ગુનાનો ખુલાસો કરતી નથી, તો મેજિસ્ટ્રેટ

સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (એ) હેઠળ સંજ્ઞાન લેશે નહીં. ફરિયાદ નકારી કાઢવાની છે."

૨૧. આરોપીઓને સમન્સ પાઠવવામાટે, મેજિસ્ટ્રેટે કેસના ગૂણ–દોષ તપાસવાની અને એકત્રિત કરેલી સામગ્રી તકસિરવાર ઠેરવવા માટે પૂરતી છે કે કેમ તે નક્કિ કરવાની જરૂર નથી. સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ આરોપીઓને સમન્સ પાઠવવા માટેનું ધોરણ આરોપ ઘડતી વખતે સમાન નથી. સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવા માટે વપરાયેલ એક્સપ્રેશન છે "કાર્યવાહી માટે પૂરતો આધાર છે.."; જ્યારે આરોપો ઘડવા માટે, આઈ. પી. સી. ની કલમ ૨૪૦ અને ૨૪૬ માં વપરાયેલ અભિવ્યક્તિ" આરોપીએ ગુનો કર્યો છે એમ માનવા માટે આધાર છે " પોલીસ અહેવાલના આધારે ગુનાની નોંધ લેવાના તબક્કે અને સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવા માટે, કેસના ગૂણ–દોષ વિગતવાર તપાસની જરૂર નથી. તે હકીકત કે, કેસની તપાસ પછી, પોલીસે તેની સામગ્રી સાથે આરોપપત્ર દાખલ કર્યું છે, તે સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવા માટે કાર્યવાહી કરવા માટે પૂરતો આધાર ગણી શકાય.

૨૨. જ્યાં સુધી પોલીસ અહેવાલના આધારે સંજ્ઞાન લેવાની વાત છે, મેજિસ્ટ્રેટને આરોપપત્ર, સાક્ષીઓના નિવેદનો અને તપાસ દરમિયાન પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવેલા અન્ય પુરાવાઓનો લાભ મળે છે. તપાસ અધિકારી/એસ. એચ. ઓ. ફોજદારી કાર્યવાહી સંહિતાની જોગવાઈઓનું પાલન કરીને અને તપાસના નિયમો અનુસાર હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન જરૂરી પુરાવા એકત્રિત કરે છે. આ

રીતે એકત્ર કરવામાં આવેલા પુરાવા અને સામગ્રીની તપાસ અધિકારીના સ્તરે તપાસ કરવામાં આવે છે અને ત્યારબાદ આરોપપત્ર દાખલ કરવામાં આવે છે. યોગ્ય કિસ્સાઓમાં, આરોપપત્ર દાખલ કરતા પહેલા સરકારી વકીલનો અભિપ્રાય પણ મેળવવામાં આવે છે. આમ અદાલતને પોલીસ દ્વારા તેની સમક્ષ મૂકવામાં આવેલી સામગ્રી સાથે પોલીસ અહેવાલનો ફાયદો રહે છે. સી.આર.પી.સી. કલમ ૧૯૦ (૧) (બી) હેઠળ, જ્યાં મેજિસ્ટ્રેટે પોલીસ અહેવાલ પર ગુનાનુ સંજ્ઞાન લીધુ હોય અને મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે કાર્યવાહી માટે પૂરતો આધાર છે, ત્યારે મેજિસ્ટ્રેટ સમન્સ જારી કરવાનો નિર્દેશ આપે છે. પોલીસ અહેવાલના આધારે ગુનાનુ સંજ્ઞાન લેવાના કિસ્સામાં, મેજિસ્ટ્રેટે સમન્સ જારી કરવાના કારણો નોંધવાની જરૂર નથી. પોલીસ અહેવાલ પર દાખલ થયેલા કેસોમાં, મેજિસ્ટ્રેટે માત્ર આરોપીઓને સમન્સ જારી કરવાનો આદેશ પસાર કરવો જરૂરી છે. આરોપીઓને સમન્સ જારી કરવાનો આવો આદેશ પોલીસ અહેવાલ અને અન્ય દસ્તાવેજોને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટના સંતોષને આધિન છે અને પોતાને સંતોષ આપે છે કે આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતો આધાર છે. પોલીસ અહેવાલ પર આધારિત કેસમાં, આરોપીઓને સમન્સ જારી કરવાના તબક્કે, મેજિસ્ટ્રેટે કોઈ કારણ નોંધવાની જરૂર નથી. જો આરોપપત્ર કાયદા દ્વારા બાધિત હોય અથવા જ્યાં અધિકારક્ષેત્રનો અભાવ હોય અથવા જ્યારે આરોપપત્ર નામંજૂર કરવામાં આવે અથવા ફાઇલે લેવામાં ન આવે, તો મેજિસ્ટ્રેટે આરોપપત્ર નકારી કાઢવા અને ફાઇલ ન લેવા માટે તેના કારણો નોંધવા જરૂરી છે. વર્તમાન કેસમાં, આઈ.પી.સી. કલમ ૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૭૭એ અને ૧૨૦બી હેઠળ ગુના માટે પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ધ્યાનમાં લઈને ગુનાનુ

સંજ્ઞાન લેવામાં આવ્યુ છે, સમન્સ જારી કરવા માટે તેના સંતોષ માટેના કારણોને સ્પષ્ટ રીતે રેકોર્ડ કર્યા વિના સમન્સ જારી કરવાનો આદેશમાં કોઈપણ ગેરકાયદેસરતા નથી.

શું સી.આર.પી.સી. કલમ ૩૯૭ (૨) હેઠળ સમન્સ જારી કરવાના આદેશ સામે રીવીઝન ટકવા પાત્ર છેઃ–

૨૩. **અમર નાથ અને અન્યો વિરુદ્ધ હરિયાણા રાજ્ય અને અન્ય** (૧૯૭૭) ૪ એસ. સી. સી. ૧૩૭ના કેસમાં, આ અદાલત દ્વારા એવું ઠરાવવામાં આવ્યું હતું કે, સી.આર.પી.સી. કલમ ૩૯૭ (૨) માં "વચગાળાનો આદેશ" શબ્દ સંપૂર્ણપણે વચગાળાના અથવા કામચલાઉ પ્રકૃતિના આદેશોને સૂચવે છે જે પક્ષકારોના મહત્વપૂર્ણ અધિકારો અથવા જવાબદારીઓને નક્કી કરતા નથી અથવા સ્પર્શતા નથી અને કોઈપણ આદેશ કે જે પક્ષકારોના અધિકારને નોંધપાત્ર રીતે અસર કરે છે તેને 'વચગાળાનો આદેશ' ન કહી શકાય. **કે. કે. પટેલ અને અન્ય વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય** (૨૦૦૦) ૬ એસ.સી.સી. ૧૯૫ કેસમાં, આ અદાલતે નીચે મુજબ ચુકાદો આપ્યો હતોઃ–

"૧૧.... હવે તે લગભગ નક્કી થઈ ગયું છે કે, સંહિતાની કલમ ૩૯૭ (૨) માટે પડકારવામાં આવેલ આદેશ વચગાળાનો છે કે નહીં તે નક્કી કરવામાં, એકમાત્ર કસોટી એ નથી કે આવા આદેશને વચગાળાના તબક્કા દરમિયાન પસાર કરવામાં આવ્યો હતો કે કેમ (અમર નાથ અને અન્યો વિરુદ્ધ હરિયાણા રાજ્ય અને અન્ય (૧૯૭૭) ૪ એસ. સી. સી. ૧૩૭, મધુ લિમયે વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૭૭) ૪ એસ. સી. સી. ૫૫૧, વી. સી. શુકલા વિરુદ્ધ રાજ્ય દ્વારા

સી. બી. આઈ. ૧૯૮૦ સપ્લિમેન્ટ એસ.સી.સી. ૯૨ અને રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે અને અન્યો વિરુદ્ધ ઉત્તમ અને અન્યો (૧૯૯૯) ૩ એસસીસી ૧૩૪). શક્ય હોય તેવી કસોટી એ છે કે, કોઈ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓને સમર્થન આપીને, તે કાર્યવાહીના અંતમાં પરિણામશે કે કેમ, જો આમ હોય તો આવા વાંધાઓ પર પસાર કરવામાં આવેલો કોઈ પણ આદેશ સંહિતાની કલમ ૩૯૭ (૨) માં કલ્પના કરવામાં આવી છે તેમ માત્ર વચગાળા પ્રકારનો નહીં હોય.

૨૪. સી.આર.પી.સી. કલમ ૨૦૪ હેઠળ સમન્સ જારી કરવાના આદેશ સામે, પીડિત પક્ષ સી.આર.પી.સી. કલમ ૩૯૭ હેઠળ રીવિઝનના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકે છે કે કેમ તે પ્રશ્ન આ અદાલત દ્વારા **ઉર્મિલા દેવી વિરુદ્ધ યુદ્ધવીર સિંહ** (૨૦૧૩) ૧૫ એસ.સી.સી. ૬૨૪ માં વિસ્તૃત રીતે ધ્યાનમાં લેવામાં આવ્યો છે. વિવિધ ચુકાદાઓનો ઉલ્લેખ કર્યા પછી, નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું–

"**૧૪**....બીજી તરફ રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે અને અન્યો વિરુદ્ધ ઉત્તમ અને અન્યો (૧૯૯૯) ૩ એસ. સી. સી. ૧૩૪ના ચુકાદામાં, આ અદાલતે અમર નાથ અને અન્યો વિરુદ્ધ હરિયાણા રાજ્ય અને અન્યો વિરુદ્ધ (૧૯૭૭) ૪ એસ. સી. સી. ૧૩૭, મધુ લિમયે વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૭૭) ૪ એસ. સી. સી. ૫૫૧ અને વી. સી. શુક્લા વિરુદ્ધ રાજ્ય દ્વારા સી. બી. આઈ. ૧૯૮૦ સપ્લિમેન્ટમાં અગાઉના નિર્ણયોનો ઉલ્લેખ કર્યા પછી.એસ. સી. સી. ૯૨ પેરા ૬ માં નીચે મુજબ ઠરાવેલ છેઃ (રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે કેસ, SCC pp. ૧૩૬–૩૭)

"૬. આ અદાલતે ચુકાદો આપ્યો છે કે ફોજદારી કાર્યરીતી સંહિતામાં ઉપયોગમાં લેવાતા 'વચગાળાના આદેશ' શબ્દને આરોપીની તરફેણમાં ખૂબ જ ઉદાર રચના આપવી પડશે જેથી સુનાવણીની સંપૂર્ણ નિષ્પક્ષતા સુનિશ્ચિત થઈ શકે અને જો આદેશ સંપૂર્ણપણે વચગાળાનો ન હોય પરંતુ મધ્યવર્તી અથવા અર્ધ–અંતિમ હોય તો ઉચ્ચ અદાલત અથવા સત્ર ન્યાયાધીશની રીવીઝનની સત્તા આકર્ષિત થઈ શકે. કાયદાની આ સ્થિતિ પ્રકારે હોવાથી, એવું માનવું યોગ્ય રહેશે નહીં કે સમન્સ જારી કરવાનું નિર્દેશન કરતો આદેશ સંપૂર્ણપણે વચગાળાનો છે અને તેથી, કલમ ૩૯૭ ની પેટા–કલમ (૨) હેઠળનો બાધિત થશે. બીજી બાજુ, તે મધ્યવર્તી અથવા અર્ધ–અંતિમ હોવું જોઈએ અને તેથી, કલમ ૩૯૭ હેઠળ રીવીઝનના અધિકારક્ષેત્રનો ઉપયોગ તેની સામે કરી શકાય છે. તેથી, ઉચ્ચ અદાલત દ્વારા એ નિષ્કર્ષ પર આવવાનું વાજબી ન હતું કે, સેશન્સ જજ પાસે સંહિતાની કલમ ૩૯૭ ની પેટા–કલમ (૨) હેઠળ બાધને ધ્યાનમાં રાખીને આદેશમાં દખલ કરવાનો કોઈ અધિકારક્ષેત્ર નથી."

આ નિર્ણય એ સ્પષ્ટ કરે છે કે સમન્સ જારી કરવાનું નિર્દેશન કરતો આદેશ મધ્યવર્તી અથવા અર્ધ–અંતિમ આદેશ છે અને તેથી, કલમ ૩૯૭ સીઆરપીસી હેઠળ રીવીઝનના અધિકારક્ષેત્રનો ઉપયોગ ઉપરોક્ત આદેશ સામે કરી શકાય છે. ત્યારબાદ આ અદાલતે કે. કે. પટેલ અને અન્ય વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય (૨૦૦૦) ૬ એસ. સી. સી. ૧૯૫ કેસમાં આ દ્રષ્ટિકોણનો પુનરોચ્ચાર કર્યો હતો."

૨૫. **ઉર્મિલા દેવી**માં વિવિધ ચુકાદાઓનો ઉલ્લેખ કર્યા પછી, આ અદાલતે નીચે પ્રમાણે નિષ્કર્ષનો સારાંશ આપ્યો હતોઃ–

